જન્મદિને વધામણી

મંગળદાસ એમ સુરજકર
મો. ૯૬૦૧૬ ૨૧૬૯૫

રીયા તુષાર દવે
મો. ૯૬૦૧૪ ૭૧૫૧૨

જીગર જે ઘેડિયા
મો. ૯૯૦૪૭ ૭૫૨૫૨

પ્રણાલી સુહાગ વોરા
મો. ૯૩૭૫૬ ૪૪૪૯૯

હિમાની હાર્દિક મહેતા
મો. ૯૪૦૯૦ ૧૯૨૬૭

‘ખેલો ઈન્ડિયા’ હૅન્ડબૉલ સ્પર્ધામાં ગુજરાતનું પ્રભુત્વ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાના તાલીમ સંકુલ ખાતે ખેલો ઇન્ડિયા રમતોત્સવનું તાજેતરમાં સમાપન થયું હતું. રમતોત્સવ અંતર્ગત રમાયેલી હૅન્ડબૉલની સ્પર્ધામાં ગુજરાતની ટીમોએ ડંકો વગાડ્યો છે. પુરુષ અને મહિલા બંને વિભાગમાં અન્ડર-૧૪ તથા અન્ડર-૧૭ કૅટેગરીમાં ગુજરાતની ટીમો વિજેતા થતાં રાજ્યના ખેલપ્રેમીઓમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. પુરુષ અને મહિલા બંને કૅટેગરીમાં ગુજરાતની ટીમે ચૅમ્પિયનપદ પ્રાપ્ત કર્યું છે. હૅન્ડબોલ કોચ શશિમોહન ધુમાલ તથા તેમના સહયોગી કોચ સુરિન્દર દહિયા, સુધાકર આચાર્ય, વિક્રમજીત વગેરેનો સિંહફાળો રહ્યો છે. ગુજરાતની અન્ડર-૧૭ બોય્ઝ અને ગર્લ્સ બંને ટીમમાં સાઈના ૮-૮ ખેલાડીઓ હતા. ગુજરાતની ટીમોના કોચ પ્રવીણ સિંઘ, ઈમરાન પઠાણ, કૌશિક પટેલ તથા સંતોષ પાંડે તથા કોમ્પિટિશન ડિરેક્ટર શશિમોહન ધુમાલ હતા. ગુજરાતની ચારેય વિજેતા ટીમને સાઈના રિજનલ ડિરેક્ટર આર કે નાયડુએ અભિનંદન પાઠવ્યા હતા.

ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ દ્વારા

વિજ્ઞાન પ્રદર્શન અને બાલ નગરીનું આયોજન

વિદ્યાર્થીનીઓ દ્વારા ૭૫ જેટલી સ્વનિર્મિત તથા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને અનુરૂપ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલમાં ધોરણ-૧થી ૮ની વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવાના હેતુસર તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી વિજ્ઞાન કૃતિઓનું ડૉ. હોમી ભાભા વિજ્ઞાન પ્રદર્શન તથા ઉલ્લાસ બાલનગરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટક તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વિજ્ઞાન સલાહકાર ડી આર પટેલ, અતિથિ વિશેષ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ સી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીનીઓ દ્વારા ૭૫ જેટલી સ્વનિર્મિત તથા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને અનુરૂપ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. બાળકોના મનોરંજન અર્થે ઉલ્લાસ બાલનગરીનું આયોજન પણ આ ઉપક્રમ સંગ કરવામાં આવ્યું હતું. જેમાં નાસ્તાના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા અને તેમના માધ્યમથી વિવિધ વાનીઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત થયેલા નફાનો ઉપયોગ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવા માટે કરવાનો નિર્ણય વિદ્યાર્થીનીઓ દ્વારા લેવામાં આવ્યો હતો, જેની વાલીઓ, ગુરુજનોએ ખૂબ પ્રશંસા કરી હતી. બાલનગરીમાં ૩ હજાર જેટલી વિદ્યાર્થીનીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રદર્શન સંસ્થા દ્વારા બીજા દિવસે ભગિની સંસ્થાની પ્રાથમિક શાળા જે બી પટેલ સ્કૂલ અને આર ઍન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. સમગ્ર પ્રદર્શન તથા બાલનગરીનું આયોજન શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષકો, વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. બંને ઉપક્રમોની સફળતા માટે સહાયભૂત થનારા વાલીઓ, સ્ટાફ મિત્રોનો શાળા પરિવાર દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

મ દે ગ્રામસેવા મહાવિદ્યાલય દ્વારા ગ્રામશિબિરનો આરંભ

ગાંધીનગર, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધીનગર જિલ્લાના દેલવાડ ગામે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રા. કનુભાઈ વસાવાએ જણાવ્યું છે કે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગ્રામ સ્તરે ગાંધીવિચારને વધુ વ્યાપક બનાવવાના પ્રયાસો પાયાની કેળવણી દ્વારા થઈ રહ્યા છે. રાજ્યભરમાંથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન માટે ગાંધીવિચારના વાહક બનીને ગામમાં જઈને ગાંધી વિચારધારા જનસમુદાય સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ સમાજસેવા પ્રત્યે સભાન બને તે હેતુથી રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે શનિવારથી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના દેલવાડ ગામે ઍનઍસઍસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર ૧૦ ફેબ્રુઆરી સુધી ચાલશે.

આ શિબિરમાં મહાવિદ્યાલયના કુલ ૫ અધ્યાપકો અને ૧૪૪ વિદ્યાર્થીઓ જોડાયા છે. શિબિર અંતર્ગત દેલવાડ ગામમાં કન્યા કેળવણી, સ્વચ્છતા, આરોગ્ય, વ્યસનમુક્તિ, કૅશલેશ વ્યવહાર, ગ્રામોદ્યોગ અંગે સમુદાય સાથે મળી કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર, તા. ૫

તાજેતરમાં ભારતના ૬૮મા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય પરેડ યોજાયેલ હતી. જેમાં ગુજરાત સરકાર દ્વારા કચ્છની જીવનશૈલી ઉપર સુંદર અને અદભૂત ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો. આ ટૅબ્લોની સાથે સાંસ્કૃતિક સંસ્થા મલ્હારના નેજા તળે ગાંધીનગરની સંસ્થા વેણુ ભારતીના કલાકારોએ ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખીને પ્રદર્શિત કરી હતી. આ કલાકાર ટીમનું પરફોર્મન્સ નિહાળીને રાજધાનીના પ્રેક્ષકોએ તેઓને તાળીઓના ગડગડાટથી વધાવી લઈ, તેમના ઉત્સાહ અને ઉમંગમાં વધારો કરેલ હતો. ઉપરાંત ભારતના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તથા માન. રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રપતિ ભવનના આંગણે પણ આ ટીમે ગુજરાતના ગૌરવરૂપ એવા ગરબાનાં અદભૂત પરફોર્મન્સ રજૂ કર્યાં હતાં. ગુજરાત અને ગાંધીનગરનું ગૌરવ વધારનારી આ ઘટનામાં વેણુ ભારતીના કલાકારોમાં નગરની બહુમુખી પ્રતિભા એવા યુવાન વૈભવ વ્યાસ પણ સામેલ હતા, જેમણે દિલ્હીના આ પ્રવાસને પોતાનો યાદગાર પ્રવાસ ગણાવ્યો છે.

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે

શબ્દકોષ વિજ્ઞાન વિષયે રાષ્ટ્રીય કાર્યશાળા આજથી

ગાંધીનગર, તા. ૫

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા અને ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડાયસ્પોરા સ્ટડીઝ ‘ગ્રીડ’ના ઉપક્રમે શબ્દકોશ વિજ્ઞાન વિશે કાર્યશાળાનું આયોજન ૬થી ૮ ફેબ્રુઆરી દરમિયાન સાંજે ૪થી ૬ સુધી ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યશાળામાં અમેરિકાની યુનિવર્સિટી ઑફ પૅન્સિલવેનિયાના પ્રૉફેસર ડૉ. બાબુ સુથાર તથા ગ્રીડના પ્રૉફેસર ડૉ. બળવંત જાની માર્ગદર્શન આપશે. કાર્યશાળા અંતર્ગત શબ્દકોશની પાયાની સમજ અને તેનો દૃષ્ટિકોણ ખીલવવા અંગે પ્રયાસ કરવામાં આવશે. આ કાર્યશાળામાં રસ ધરાવતા અધ્યાપકોને અધ્યાપક ડૉ. સંજય મકવાણા (૯૪૨૭૪ ૩૧૬૭૦)નો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલનો વાર્ષિકોત્સવ આગામી રવિવારે

ગાંધીનગર, તા. ૫

સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલનો વાર્ષિકોત્સવ આગામી રવિવારે યોજવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં સ્કૂલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સ્કૂલના આ વાર્ષિક ઉત્સવમાં નર્સરી અને પ્લે ગ્રૂપનાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે. આગામી તા. ૧૨ ફેબ્રુઆરી ને રવિવારે સવારે ૧૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે એમ સ્કૂલ દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે.

મારી શાળા મારા જીવનમાં ચિરસ્મરણીય રહી છે

મારી શાળા એટલે મોટેરા ગામમાં તળાવને કિનારે વિલાયતી નળિયાંવાળી શાળા. તેની આગળ વડનું મોટું વૃક્ષ જ્યાં ગામનું પાદર અને પાદરમાં નાના નિશાળિયાઓ રમે ને છાંયડામાં બપોરે ભેંસો આરામ ફરમાવે.

છ વર્ષની ઉંમરે પાડોશમાં રહેતા ભગવાનદાસ માસ્તરના માધ્યમથી એક પાટી ને કંકુ તિલક સાથે મેં શાળામાં પ્રવેશ મેળવ્યો. રિશેષમાં દોડીને ઘેર જતો ને ખિસ્સામાં મગફળી ભરીને લાવતો.

બાજુના ચાંદખેડા ગામના રહીશ બાબુભાઈ વાળંદ ખૂબ કડક. ગૃહકાર્ય ન લઈ જાવ તો મેજ પર નીચે કાંકરા મૂકી તેના પર હથેળી મુકાવી લાકડાની આંકડીથી મારતા. અન્ય શિક્ષક ભલાભાઈ, તેમનાં શિક્ષક પત્ની શાંતાબેન, કાનજીભાઈ પણ યાદ આવે. કાનજીભાઈ ખૂબ સરળ સ્વભાવના, તેમણે જ અમને રાષ્ટ્રગીત શીખવેલું. ત્યારે રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં સમગ્ર ગામ ને ગ્રામ પંચાયતના સરપંચ પણ શાળામાં સહભાગી બનતા.

એ પછી જે સ્કૂલમાં દાખલ થયો તે મારી યાદગાર સ્કૂલ - એચ એચ પટેલ હાઇસ્કૂલ એટલે કે હરિભાઈ હાથીભાઈ પટેલ હાઇસ્કૂલ. ઍસઍસસી વખતે સ્કૂલની ફીને પહોંચી વળવા રેલવેના વર્કશૉપમાં રોજના ૩ રૂપિયા પગારની નોકરી કરી હતી ને સ્કૂલ સાબરમતીમાં, ત્યાં સુધી જવા માટે દરરોજ બે કિમી ચાલતો એ પણ ખૂબ યાદ આવે છે.

સ્કૂલમાં લાકડાની બેંચીસ હતી, તેમની નીચે ટીકડીઓ ફોડીને ખૂબ ધીંગામસ્તી કરતા. સ્કૂલના શિક્ષક કનકબેન, પ્રવીણભાઈ, પ્રભુદાસ પટેલ અને પ્રિન્સિપાલ દારૂવાલા આજેય યાદ આવે છે. ને આ સ્કૂલ આજેય વિદ્યાર્થીઓને અભ્યાસ આપવાની સાથે તેમનામાં સંસ્કારોનું સિંચન કરે છે એ જાણીને ગર્વની લાગણી થાય છે.

- ગુલાબચંદ ઍન પટેલ
સૅક્ટર-૧૪

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના મોકાસણ ગામની નઈ તાલીમ પ્રાથમિક શાળા મારી પ્રથમ યાદગાર સ્કૂલ છે. સાત વિઘા જમીનમાં પાંચ વર્ગખંડો અને ધોરણ ચાલે સાત. ગુરુ ડાહ્યાભાઈ પટેલની જાત મહેનતથી ૫૦ લીમડાનાં ઘટાદાર વૃક્ષો પણ અહીં ઉછરેલાં. ધોરણ-૧,૨માં ૨સ્તા, મેદાન, વર્ગખંડની સફાઈ કરતા, ધોરણ-૩,૪માં બગીચાને પાણી પીવડાવવું, કૂવીમાં મૂકેલા હાથપંપ વડે પાણી ખેંચી ડોલે-ડોલે પીવાની પાણીની ટાંકી ભરતા. પ્રાર્થના પછી ચાર વાગ્યા સુધી વર્ગકાર્યમાં ગુરુજનોમાં ગૌરીશંકર રાવલ (ગૌરાભા), રમણભાઈ રાવલ, કાનજીભાઈ પટેલ, પ્રહલાદભાઈ દરજી તરફથી જ્ઞાન મળતું. અંકલેખન કે શબ્દ લેખનમાં ભૂલ આવે તો સાથળે ભરાયેલી ચૂંટણી દ્વારા લાલઘૂમ થયેલી ચામડીમાંથી જાણે હમણાં લોહી વહી પડશે એમ લાગતું અને ત્રણ દિવસે તો માંડ દુખાવો હળવો થાય એવા કડક મિજાજી ગુરુ સ્વ. રમણભાઈ રાવલ આજેય યાદ આવે છે, જેમના થકી જીવન ઘડતર થયું. આ સ્કૂલમાં ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો.

મારા ગામથી ૮ કિમી ત્રિજ્યામાં કોઈ માધ્યમિક સ્કૂલ નહતી તેવા સંજોગોમાં ૧૯૬૮માં મારા પિતા શ્રી મફતલાલ ભગવાનદાસ પટેલની જહેમતથી અને ઉજમભાઈ પટેલના સહકારથી સાર્વજનિક વિદ્યાલય, જાસલપુરમાં શરૂ કરવામાં આવી, જેમાં આજુબાજુના ત્રીસ ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા. મારા પિતાશ્રીએ મને ધોરણ-પમાં આ સ્કૂલમાં દાખલ કર્યો. મારા ગામ મોકાસણથી જાસલપુર સ્કૂલ બે કિમીના અંતરે. ઘરમાં તો શું ગામમાં પણ કોઈને ત્યાં દિવાલ ઘડિયાળ નહીં. સૂરજદાદાના પડછાયા ઉપરથી સ્કૂલ જવાનો સમય નક્કી થતો. તાસ પદ્ધતિએ શિસ્તબદ્ધ શિક્ષણ હતું. વ્યાયામ શિક્ષક અંબાલાલ પટેલનો એક હાકોટો ૫૦૦ વિદ્યાર્થીઓને ધ્રુજાવી દેતો. હિન્દી શિક્ષિકા મીરાંબેન સોટી નિત્ય લાવે. ન આવડે તો સટાક દઈને મારે. પહેરણ ઊંચું કરીને જોઈએ તો સોળ પડી ગયો હોય પણ એનાથી હિન્દી વિષય એવો પાકો થયો, બધા વિષયો કરતાં એમાં વધારે ગુણ આવતા.

સૌથી વિશેષ આનંદ સાંજના ચારથી પાંચ વાગ્યા સુધીના એક કલાકમાં આવતી. કારણ કે તેમાં સ્વદેશી રમતો રૂમાલ દાવ, ઊભી ખો, બેઠી ખો, કબડ્ડી, રામ-રાવણ રમાડતા. મોકાસણ અને જાસલપુર પ્રાથમિક સ્કૂલે મારા ઘડતરમાં, ચણતરમાં, ગણતરમાં, ભણતરમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

- પ્રા. રમેશભાઈ મ પટેલ
ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા

સંવેદના
‘મારી યાદગાર સ્કૂલ’

મારા જીવનમાં જામનગરની દયાનંદ સરસ્વતીજીની આર્યસમાજ શાળા યાદગાર રહી છે.

શાળાની શરૂઆત પ્રાર્થના સાથે થતી. મોટો પ્રાર્થના ખંડ, વચ્ચે યજ્ઞ વેદી હતી, એમાં આહૂતિ માટે વર્ગવાર ચાર બાળાઓ- આર્યકન્યાઓનો વારો આવતો. મને પણ આ અવસર પ્રાપ્ત થયો છે. શાંતિપાઠથી શરૂઆત થાય અને એક ભજનથી પૂર્ણાહુતિ થાય. ત્યારબાદ અભ્યાસની શરૂઆત થાય. શિક્ષિકા બહેનો આવીને સુવાક્યો લખતાં ને બોર્ડના ખૂણે સુંદર પુષ્પ દોરતાં. મને આ બધામાં ખૂબ રસ એટલે નવા-નવા સુવાક્યો શોધીને જતી.

શાળામાં સાહિત્ય પર ભાર અપાતો. હિન્દી અને ગુજરાતી બંનેમાં ગદ્ય અને પદ્યને સરખું જ મહત્ત્વ અપાતું. કવિતાને સંગીત શિક્ષક તાલમાં બેસાડી, લયબદ્ધ શીખવતાં, મુખપાઠ કરાવતાં. વિજ્ઞાનની પ્રયોગશાળામાં પણ એટલું જ શીખવા મળતું. ઇતિહાસ, ભૂગોળ, અંગ્રેજી દરેક વિષયમાં દરેક વિદ્યાર્થીનીને ઊંડો રસ પડે તેવું વાતાવરણ હતું. શિસ્ત અને સ્વરક્ષણના પાઠ હું અહીંથી શીખી.

એ જ કારણે મારી શાળા મારા જીવનમાં ચિરસ્મરણીય રહી છે.

- કલ્પના જ્યોતીન્દ્ર રાવલ
સૅક્ટર-૮ બી

મારા ગામ લાંઘણજની દૂધિયા કૂવા પાસેની પ્રાથમિક સ્કૂલ મારી યાદગાર સ્કૂલ. સ્કૂલનો સમય સવારે ૧૦.૫૫નો, બેલ પડે એટલે બધા વિદ્યાર્થીઓ ગોઠવાઈ જાય. ‘હે મા શારદા....’ અને ‘અસત્યો માંહેથી...’ પ્રાર્થના ગવાય. ૧૧ વાગે બેલ વાગે એટલે ક્લાસમાં જવાનું. ક્યારેક મારો વારો પણ આવ્યો હતો પ્રાર્થના ગાવાનો એ મને યાદ આવે છે. આગલી રાત્રે જાગીને પ્રાર્થના ગોખતો ને બધામાં આપણો વટ પડી જતો. વાહ ! આપણે પ્રાર્થના ગાઈ !

એ જમાનામાં અમે શિક્ષકને સર નહીં પણ સાહેબ કહેતા. એક જ શિક્ષક અમારા વર્ગમાં હોય જે બધા જ વિષયો અમને ભણાવતા. વ્યાયામનો તાસ પણ ખરો, જેમાં મેદાનમાં જઈને જે રમત રમવી હોય તે રમી શકાતી.

સ્કૂલના મેદાનમાં પાંચેક નાળિયેરી હતી એ પણ યાદ છે. સવારે સ્કૂલનો દરવાજો ખૂલતાં જ ત્યાં પહોંચી જતા અને સૌથી વધારે નાળિયેર કોણ વીણી લાવે છે તેની સ્પર્ધા કરતા.

પાંચમા ધોરણમાં પહેલીવાર નોટબૂક જોઈ હતી, એ પહેલાં સ્લેટ-પેન લઈને જ ભણેલા. સ્લેટ-પેન પણ કપડાની થેલીમાં મૂકીને લઈ જતા ને ક્યારેક લેસન ન થયું હોય તો સાહેબને કહેતાં કે કપડાની થેલીમાં સ્લેટ આગળ મૂકાઈ ગઈ તો ભૂંસાઈ ગઈ, ત્યારે સાહેબ પણ હસી નાંખતા.

અમારા શિક્ષકો ચ્હા બહુ પીતા ને ચ્હા, ખાંડ, આદુ લેવા મને મોકલતા કારણ કે એમને મારા પર ભરોસો હતો કે હું ચોરી નહીં કરું. બીજા વિદ્યાર્થીઓ જોડે પાંચ કિગ્રા ખાંડ મગાવી હોય તો ૪.૫ કિગ્રા જ શિક્ષકોને મળે. મારી પ્રતિષ્ઠા એવી કે મારા વિરુદ્ધની ફરિયાદ પણ શિક્ષકો સાંભળતા નહીં.

આવા ગરવા શિક્ષકો ને યાદગાર સ્કૂલનો મને ગર્વ છે.

- જગદીશ સોની

વાચકોને આમંત્રણ

સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

‘મારી યાદગાર સ્કૂલ’

ડાયરેક્ટ સે

આંખોમાં રહેલી
લાગણીની ભીનાશ
વાંચી શકે
એને અભણ ન કહેવાય
પોતાનાં કહેવાય

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
૨ઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૨
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦
સ્ક્રીન-૩
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડેન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડેન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦
સ્ક્રીન-૪
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રોક્સ (ગુજરાતી)
૯.૪૫
સ્ક્રીન-૫
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
૨ઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦